પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ ,અમદાવાદ
વિશેષ શાખા ,કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -: જાહેરનામું :-

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.**

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ઔદ્યોગિક એકમોના કામદારો /૨૧/૨૦૨૬. તા.૦૭/૦૩/૨૦૨૬

વંચાણેલીધા:- (૧)પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગરના જાવક પત્ર ક્રમાંક-1/કા.અનેવ્ય. /ટે.૨/ ૦૩/ચરત્ર/૩૨૬/૨૦૨૫ તા.૦૯/૦૫/૨૦૨૫ આધારે.

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આર.બી/ /૧૪૯૧/૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ તથા,

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૨/૨૨૨૧/ ૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ આધારે,

(૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક: જી/૭૨૫/ઝોન-૩/૯૯૯/ /૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ આધારે,

(૫) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આર.બી/ ૧૦૯૦/૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ આધારે,

(૬) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક: જી/૭૨૫/ઝોન-૫/આર.બી/ ૧૩૯૨/૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ આધારે,

(૭) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/ ૭૨૫/ઝોન-૬/આર.બી/ ૧૦૪૭/૨૦૨૬ તા.૦૩/૦૩/૨૦૨૬ આધારે,

(૮) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭/આર.બી/ ૧૩૬૩/૨૦૨૬ તા.૦૨/૦૩/૨૦૨૬ આધારે.

અમદાવાદ શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાનાઓમાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી, કારીગરો સોની કામ કરતા પરપ્રાંતિઓ મજુરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સબંધિત તેમજ શરીર સબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતિઓ તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અમદાવાદ શહેરમાં આશરો લેતા હોય છે અને ભુતકાળમાં બાંગ્લાદેશી લોકો દ્વારા ઘુષણખોરી કરીને રોજગારી મેળવીને પણ અમદાવાદ શહેરમાં ગુનાખોરી કરેલ હોવાનુ ધ્યાને આવેલ છે જે દેશની આંતરિક સુરક્ષા માટે ગંભીર બાબત છે જેથી દેશની સુરક્ષા માટે તેમજ જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨૧૦૮૦/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકચ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના

માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીંદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજુરો/નોકરોની માહિતી/ હકિકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે તથા તે વિગત પોતાની પાસે પણ રાખવાની રહેશે તેમજ આવા તમામ ઇસમોની નાગરિકતાની ખરાઇ અંગેની સુનિશ્ચિતતા કરવાની જવાબદારી જે-તે ઔધોગિક એકમોના માલિક/મેનેજર/સંચાલકની રહેશે સ્થાનિક પોલીસ દ્વારા તથા એ.ઓ.જી, ક્રાઇમ બ્રાન્ચ અન્ય શાખા દ્વારા જ્યારે જ્યારે આ ઇસમોની નાગરિકતાની ખરાઇ અંગે રેકર્ડ માંગે ત્યારે રજુ કરવાનુ રહેશે તેમજ નવા કામદારો લીધેલ હોય તો તેઓની દિન-૦૭ માં ફરજીયાત નોંધણી જે તે એકમ સંચાલકે કરાવવાની રહેશે.

| અ.નં | વિગત |
|---|---|
| ૧ | ઔધોગિક એકમો અને અન્ય એકમો સાથે સંકળાયેલા નામ તથા સરનામું તથા ટેલીફોન નંબર |
| ૨ | કામે રાખેલ નોકરો /મજુરો /કારીગરો /વોચમેનો /માળીઓ /ડ્રાઇવરો / રસોઇયાઓનુ પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું તેમજ વતનનુ પુરૂ સરનામુ. |
| ૩ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓને રાખ્યાની તારીખ. |
| ૪ | કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનુ નામ/ સરનામું/ ટેલીફોન નંબર |
| ૫ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓનો ફોટો અને નોકરી વખતે આપવામાં આવેલ દસ્તાવેજ (આધાર કાર્ડ /ડ્રાઈવીંગ લાયસન્સ/ વોટર આઈ.ડી વિગેરે) |

આ હુકમ તા.૦૮/૦૩/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૬/૦૫/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:<u>વિસ્તાર</u>:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:- <u>શિક્ષા</u>-:

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે .

-: <u>જાહેર વિજ્ઞાપન</u>-:

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(જી.એસ.મલિક)

પોલીસ કમિશ્નર

અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧)અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.
(૧૭) અધિક પોલીસ કમિશનરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.
(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૯) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૦) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૧) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૨) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૩) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૪) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)
(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.